ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

# વડોદરા-છોટાઉદેપુર



## સંક્ષિપ્ત સમાચાર

### ‘ગણપતિ બાપ્પા મોરિયા’ના જયઘોષથી ગુંજી ઉઠ્યું બોડેલી નગર



**બોડેલી** : બોડેલીમાં ગણેશોત્સવની તડામાર તૈયારીઓ શરૂ થઈ છે જયારે ગજાનંદ યુવક મંડળ ના ગણેશની ભવ્ય આગમન યાત્રા નીકળી હતી જેમાં ખૂબ મોટી સંખ્યામાં ભક્તો યાત્રામાં જોડાયા હતા ગણપતિ બાપ્પા મોરિયા ના જયઘોષથી વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું સમગ્ર યાત્રા દરમિયાન ફાયર શો કેન્દ્ર બિંદુ બન્યું હતું આગામી ભાદરવા સુદ ચોથ થી ભાદરવા સુદ ચૌદસ સુધીનાં દસ દિવસ માટે રિદ્ધિ સિદ્ધિ ના દાતા શ્રી ગણેશજીની સેવા આરાધના કરી ગણેશોત્સવ ની ઉજવણી થશે. આ ગણેશ ઉત્સવની ઉજવણી ધર્મ પ્રેમી બોડેલી નગરમાં ખૂબ જ ધામધૂમથી કરવામાં આવે છે અને બોડેલીના વિવિધ વિસ્તારોમાં દુંદાળાદેવ શ્રીજી ની પ્રતિમાઓની હર્ષોલ્લાસભેર સ્થાપના કરવામાં આવે છે ત્યારે છેલ્લા 30 વર્ષ ઉપરાંત થી નગરમાં આગવુ આકર્ષણ બનતા ગજાનંદ કોમ્પ્લેક્સ પર ઉજવાતા ગણેશ ઉત્સવ ના શ્રીજીનું ગઈકાલે મોડી રાત્રે આન બાન અને શાન સાથે ભવ્ય આગમન થયું હતું.

### જબુગામની શ્રી.સી.એન.બક્ષી સાર્વજનિક વિદ્યાલય ખાતે જિલ્લા કક્ષાની ખો-ખો સ્પર્ધા યોજાઈ



**બોડેલી** : રમતગમત મહોત્સવ અંતર્ગત યોજાઈ રહેલી આ શાળા કક્ષાની સ્પર્ધામાં જિલ્લાના વિવિધ વિસ્તારોમાંથી ખેલાડીઓ ભાગ લીધો. છોટાઉદેપુર જિલ્લાના જબુગામ ખાતે આવેલી શ્રી સી. એન. બક્ષી સાર્વજનિક વિદ્યાલયના તાતિયા ટોપે મેદાનમાં જિલ્લા કક્ષાની ખો-ખો સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. રમતગમત મહોત્સવ અંતર્ગત યોજાઈ રહેલી આ સ્પર્ધામાં તમામ વયજૂથના ખેલાડીઓ ભાગ લીધો હતો તા. 9 સપ્ટેમ્બરના રોજ ભાઈઓ માટે, જ્યારે 10 સપ્ટેમ્બરના રોજ બહેનો માટે ખો-ખોની સ્પર્ધા યોજાઈ રહી છે. સવારે 8:30 કલાકથી સ્પર્ધાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો જિલ્લા કક્ષાની આ સ્પર્ધામાં ખેલાડીઓમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે અને મેદાન પર રોમાંચક મુકાબલા જોવા મળી રહ્યા છે. અને વિદ્યાર્થીઓમાં સ્પર્ધાને લઇ ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો આ સ્પર્ધા દ્વારા ગ્રામ્ય તથા શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓને પોતાની રમત પ્રતિભા દર્શાવવા માટે મહત્વપૂર્ણ પ્લેટફોર્મ મળી રહ્યું છે.

### વડોદરા અને છોટા ઉદેપુર જિલ્લાના બાગાયતી ખેડૂતોને APEDAમાં નોંધણી કરાવવા અપીલ

**વડોદરા** : ગુણવત્તાસભર ફ્રેશ ફળ-શાકભાજીની વિદેશમાં નિકાસ કરવા ઈચ્છતા ખેડૂતોએ APEDAની વેબસાઈટ પર ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. વડોદરા અને છોટા ઉદેપુર જિલ્લાના બાગાયતી પાકોની ખેતી કરતા તથા પોતાના ખેતરમાં ઉત્પાદિત ગુણવત્તાસભર બાગાયતી પેદાશોની વિદેશમાં નિકાસ કરવા ઈચ્છતા ખેડૂતોને એગ્રીકલ્ચર એન્ડ પ્રોસેસ્ડ ફૂડ પ્રોડક્ટ્સ એક્સપોર્ટ ડેવલપમેન્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (APEDA)ની વેબસાઈટ પર ઓનલાઈન ફોર્મ રજીસ્ટ્રેશન કરાવવા અપીલ કરવામાં આવી છે. વિદેશમાં ફ્રેશ ફળો અને શાકભાજી, જેમ કે સરગવો, લીલાં મરચાં વગેરે બાગાયતી પેદાશોની નિકાસ કરવા ઈચ્છતા ખેડૂતોને APEDA હેઠળ નોંધણી કરાવવાની રહેશે. ઓનલાઈન રજીસ્ટ્રેશન માટે ખેડૂતોને ૮-અ, ૭/૧૨ની નકલ, રેશનકાર્ડ, આધારકાર્ડ, ખેતરનો કાચો નકશો તથા ફાર્મ ડાયરી સહિતના જરૂરી દસ્તાવેજો સાથે રાખવાના રહેશે.ઓનલાઈન રજીસ્ટ્રેશનની પ્રક્રિયા પૂર્ણ કર્યા બાદ તેની અરજીની નકલ તથા ઉપરોક્ત સાધનિક દસ્તાવેજો સાથે નાયબ બાગાયત નિયામકશ્રીની કચેરી, રાવપુરા પોલીસ સ્ટેશન પાછળ, વડોદરા ખાતે રૂબરૂ અથવા ટપાલ મારફતે જમા કરાવવાના રહેશે.વધુ માહિતી અને માર્ગદર્શન માટે નાયબ બાગાયત નિયામકશ્રીની કચેરી, વડોદરાનો ફોન નંબર ૦૨૬૫-૨૪૨૮૧૯૩ પર સંપર્ક કરવા જણાવાયું છે.

### પાદરામાં ગણપતિ બાપાની આગમન યાત્રાઓ આન, બાન અને શાન સાથે નીકળી



**પાદરા** : ગણેશોત્સવને ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે પાદરા શહેર સહિત સમગ્ર પંથકમાં ગણપતિ બાપાના આગમનને લઈને ભક્તોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. વિવિધ ગણેશ મંડળો દ્વારા પંડાલ, શણગાર અને ગણપતિ બાપાની સ્થાપનાની તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. ગણેશોત્સવ પૂર્વે પાદરા શહેરમાં વિવિધ ગણેશ મંડળો દ્વારા ગણપતિ બાપાની ભવ્ય આગમન યાત્રાઓ યોજાઈ રહી છે. હિન્દુ એકતા સંગઠન, અંબિકા યુવક મંડળ, જનક્ચોક, આંબાવાડી યુવક મંડળ, પાણીની ટાંકી યુવક મંડળ, બ્રધર્સ ગ્રુપ, શિવાય ગ્રુપ, નવી પાનસરાવાડ, સનાતન રાષ્ટ્ર હિન્દુ સંગઠન, ફૂલબાગ યુવક મંડળ સહિતના મંડળો દ્વારા આન, બાન અને શાન સાથે આગમન યાત્રા કાઢવામાં આવી હતી. ગણપતિ બાપાની મૂર્તિને ભવ્ય શણગાર સાથે સજાવી ઢોલ-નગારાં અને ડીજેના તાલ વચ્ચે યાત્રા કાઢવામાં આવી હતી. યુવાનો સહિત ગણેશ ભક્તો ડીજેના તાલે ઝૂમી ઉઠ્યા હતા, જ્યારે નગર ના પ્રવેશદ્વારે યાત્રાના માર્ગમાં કરવામાં આવેલી આતશબાજીએ આકર્ષણ જમાવ્યું હતું.

### પાદરાના રણુ ગામે તુલજા ભવાની માતાજી તથા શ્રી સિદ્ધેશ્વર મહાદેવ મંદિરે ધાર્મિક કાર્યક્રમો યોજાયા



**પાદરા** : પાદરા તાલુકાના રણુ ગામે શ્રી તુલજા ભવાની માતાજીના મંદિરે પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. મંદિરના મહંત કવિન્દ્રગીરીજીના માર્ગદર્શન હેઠળ લઘુરુદ્ર અને નવચંડી યજ્ઞ યોજાયો હતો. આ પ્રસંગે શ્રી તુલજા ભવાની માતાજી મંદિર તેમજ શ્રી સિદ્ધેશ્વર મહાદેવ મંદિરે અન્નકૂટનું આયોજન કરવામાં આવ્યું હતું. ધાર્મિક વિધિ દરમિયાન ભક્તિમય વાતાવરણ સર્જાયું હતું. મોટી સંખ્યામાં ભક્તોએ મંદિરે પહોંચીને માતાજી તથા મહાદેવના પૂજન-અર્ચન અને દર્શનનો લાભ લીધો હતો. શ્રદ્ધાળુઓએ ધાર્મિક કાર્યક્રમોમાં સહભાગી બની ધન્યતા અનુભવી હતી. સમગ્ર આયોજન દરમિયાન મંદિર પરિસર ‘હર હર મહાદેવ’ અને માતાજીના જયઘોષથી ગુંજી ઉઠ્યું હતું.

---

છોટાઉદેપુર ACBનું બરોજ ગામે સફળ છટકું, લાંચની રકમ સાથે રંગેહાથ ધરપકડ

## વનબંધુ ટ્રેક્ટર સબસીડીનો ચેક આપવા રૂ. ૭ હજારની લાંચ લેતા ગ્રામ સેવક ઝડપાયો

**જાગૃત** નાગરિકની ફરિયાદ બાદ છોટાઉદેપુર ACBની કાર્યવાહી

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.10
જિલ્લામાં ભ્રષ્ટાચાર સામે એન્ટી કરપ્શન બ્યુરો (ACB) દ્વારા લાલ આંખ કરવામાં આવી છે. વનબંધુ ટ્રેક્ટર યોજના હેઠળ મંજૂર થયેલી સબસીડીનો ચેક આપવાના બદલામાં રૂ. ૭ હજારની લાંચ માગનાર ગ્રામ સેવકને ACBની ટીમે સફળ છટકું ગોઠવીને રંગેહાથ ઝડપી પાડ્યો છે.



શું હતી સમગ્ર ઘટના? મળતી માહિતી મુજબ, છોટાઉદેપુર જિલ્લા પંચાયતના જિલ્લા ખેતીવાડી અધિકારીની કચેરી ખાતેથી અરજદાર (ફરિયાદીના ભાઈ)ની ‘વનબંધુ ટ્રેક્ટર યોજના’ અંતર્ગત ૧૦ લાખ /- ની ટ્રેક્ટર સબસીડી મંજૂર થઈ હતી. આ સબસીડીનો ચેક મેળવવા માટે છોટાઉદેપુર સેજો-ચીલરવાંટના ગ્રામ સેવક માધવભાઈ મનુશંકર ધાંધલીયા (વર્ગ-૩) એ ફરિયાદીના ભાઈ પાસે ૭,હજાર ની લાંચની માગણી કરી હતી.

જાગૃત નાગરિકે ACBનો સંપર્ક કર્યો ફરિયાદી લાંચની રકમ આપવા માગતા ન હોવાથી તેમણે હિંમત દાખવીને છોટાઉદેપુર ACB પોલીસ સ્ટેશનનો સંપર્ક કર્યો હતો અને સમગ્ર મામલે લેખિત ફરિયાદ નોંધાવી હતી.

ACBનું છટકું અને આરોપીની ધરપકડ ફરિયાદના આધારે ACBની ટીમે તા.૦૯/૦૯/૨૦૨૬ના રોજ બરોજ ગામના નિશાળ ફળિયા ખાતે લાંચનું છટકું ગોઠવ્યું હતું. આ દરમિયાન આરોપી ગ્રામ સેવક માધવભાઈ ધાંધલીયા ફરિયાદી પાસેથી ૭, હજાર લાંચ સ્વીકારતા જ ACBની ટીમે તેમને રંગેહાથ પકડી પાડ્યા હતા. ACB દ્વારા લાંચની સંપૂર્ણ રકમ (૭, હજાર કબ્જે કરી આરોપી સામે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## ઘેલવાંટ પાસે અર્ટિગા કારનો કન્ટેનર સાથે અકસ્માત

**મોડી** રાત્રે સર્જાયેલી ટક્કરથી સ્થળ પર અફરાતફરી



(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા. 10
છોટાઉદેપુર નજીકના ઘેલવાંટ ગામ પાસે ગત રાત્રિના સમયે એક કન્ટેનર અને અર્ટિગા કાર વચ્ચે ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં કારમાં સવાર ૭ જેટલા મુસાફરો ગંભીર રીતે ઘાયલ થયા છે. પ્રાપ્ત માહિતી અનુસાર, કારમાં સવાર તમામ લોકો મધ્યપ્રદેશના બડવાની પંથકના રહેવાસી છે. તેઓ સ્વામિનારાયણ મંદિરના દર્શન કરીને પોતાના વતન પરત ફરી રહ્યા હતા, તે જ સમયે ઘેલવાંટ ગામ પાસે તેમની અર્ટિગા કારને કન્ટેનરે ટક્કર મારી હતી.

અકસ્માત થતાં જ આસપાસના લોકો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરી હતી. ઘટનાસ્થળે પહોંચેલી ૧૦૮ એમ્બ્યુલન્સની ટીમ દ્વારા તમામ ૭ ઈજાગ્રસ્તોને તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે.

છોટાઉદેપુર જિલ્લાના ઘેલવાંટ ગામ પાસે ગત રાત્રે માર્ગ અકસ્માતની કરુણ ઘટના સામે આવી છે. સ્વામિનારાયણ મંદિરના દર્શન કરી પરત ફરી રહેલા મધ્યપ્રદેશના શ્રદ્ધાળુઓની અર્ટિગા કાર અને કન્ટેનર વચ્ચે જોરદાર ટક્કર થઈ હતી.

---

વાહનો મોડિફાઈ કરી ધ્વનિ પ્રદૂષણ અને ટ્રાફિક અડચણ ઉભી કર્યાનો આરોપ

## ઈદે મિલાદના જુલુસમાં નિયમભંગ બદલ ૪ DJ સંચાલકો સામે ફરિયાદ

**સરકારી** પરવાનગી છતાં નિયમોના ભંગનો આક્ષેપ, DJ સિસ્ટમ જપ્ત

(પ્રતિનિધિ) ડભોઈ, તા.10
ડભોઈ શહેરમાં ગત ૨૬-૮-૨૦૨૬ ના રોજ ઈદેમિલાદ ના જુલુસ મા કેટલાક ડી.જે. એ સુર રેલાવેલ જેની સામે ડભોઈ પોલીસે વાતાવરણ પ્રદુષિત કરવા ની કલમો થી ફરિયાદ નોંધી ડી.જે જપ્ત કરવામાં આવતા નાનકડા શહેરમાં ચકચાર મચી છે.

બનાવ ની વિગતો પ્રમાણે ડભોઈ ના ઈદેમિલાદ ના જુલુસ મા વૈભવ ડી.જે. સાઉન્ડ ના ઓપરેટર અજય અરવિંદ ઓડ રે. બોડેલી, પાટીલ ડી.જે. સાઉન્ડ ના ઓપરેટર હિમાંશુ



યોગેશ પવાર રે.તરસાલી વડોદરા, સ્નાઈપર ડી.જે. સાઉન્ડ ના ઓપરેટર મિત અશોક માછી રે. નવા માંડવા ચાંદોદ અને જે.આર.ડી. કિંગ ડી.જે. સાઉન્ડ ના ઓપરેટર સાહિલ સુરેશ બારીયા નારણપુરા તા.ડભોઈ એ ૨૬-૮-૨૦૨૬ ના રોજ ઈદેમિલાદ ના જુલુસ મા ડી.જે. વગાડેલ જેમાં નાયબ કલેકટર અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ ની પરવાનગી હતી તેમ છતાંય ડી.જે. સિસ્ટમ ના સંચાલકો દ્વારા પોતાની અને અન્ય વ્યક્તિ ઓની જિંદગી જોખમ મા મુકાય એમ ડી.જે.સિસ્ટમ ઉપર કેટલાક વ્યક્તિ ને બેસાડેલ અને પોતાના વાહનો ને મોડીફાઈડ કરી વધારે પડતી સિસ્ટમ ગોઠવી નામદાર સુપ્રીમ કોર્ટ ના વખતો વખત ના ચુકાદા ના નિર્દેશો અને ગુજરાત પોલ્યુશન બોર્ડ પર્યાવરણ ૫૧૨૫૨ ૧૪-૫-૨૦૧૦ થી ઘોંઘાટ ઉત્પન્ન કરતાં અને નિપજાવતા સ્ત્રોના નિયંત્રણ અને નિયમન માટે અને ભારત સરકાર ના વન પર્યાવરણ અધિનિયમ ૧૯૮૬ ની કલમ ૬ તથા ૨૫ હેઠળ ધ્વનિ પ્રદુષણ ૨૦૦૦ નુ ૧૪ ફેબ્રુઆરી ૨૦૦૦ નુ જાહેરનામુ પ્રસિદ્ધ જાહેરનામા મુજબ ફરિયાદ દાખલ થતાં હડકંપ મચી ગયો છે આ ફરિયાદ ને લઈ લોકો તરેહ તરેહ ની ચર્ચા ઓ કરી રહ્યા છે.

‘પાક બચાવો, ખેડૂતોને સહાય આપો’ના નારા ગુજી ઉઠ્યા


## વરસાદ ખેંચાતા પાદરા તાલુકાને દુષ્કાળગ્રસ્ત જાહેર કરવાની માંગ સાથે કોંગ્રેસની ટ્રેક્ટર રેલી

**ખેડૂતોને** પાક સહાય, ૧૬ કલાક વીજળી અને નર્મદા નહેરમાં પાણી છોડવા રજૂઆત

(પ્રતિનિધિ) પાદરા, તા.10
પાદરા તાલુકામાં વરસાદ ખેંચાતા ખેડૂતોના પાક પર સંકટ ઊભું થયું હોવાના આક્ષેપ સાથે પાદરા તાલુકાને દુષ્કાળગ્રસ્ત જાહેર કરી ખેડૂતોને તાત્કાલિક પાક સહાય આપવાની માંગ સાથે પાદરા તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા ટ્રેક્ટર રેલી યોજવામાં આવી હતી.

વડોદરા જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ અને પૂર્વ ધારાસભ્ય જશપાલસિંહ પઢીયારની આગેવાનીમાં યોજાયેલી આ ટ્રેક્ટર રેલીમાં પાદરા





તાલુકાના વિવિધ ગામોના ખેડૂતો તેમજ કોંગ્રેસના કાર્યકરો મોટી સંખ્યામાં જોડાયા હતા. મુવાલથી શરૂ થયેલી રેલી વડુ, મહુવડ સહિતના રૂટ પરથી પસાર થઈ પાદરા નગરમાં પહોંચી હતી.

રાજ્યમાં પૂરતો વરસાદ ન પડવાના કારણે વરસાદ આધારિત વાવેતર કરાયેલા પાકો નષ્ટ થવાની આરે હોવાનો કોંગ્રેસ દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો હતો. ખેડૂતોની કફોડી સ્થિતિને ધ્યાનમાં લઈ સરકાર તાત્કાલિક પાક સહાય જાહેર કરે તેવી માંગ કરવામાં આવી હતી.

ટ્રેક્ટર રેલી પાદરા મામલતદાર કચેરી ખાતે પહોંચી હતી, જ્યાં કોંગ્રેસના કાર્યકરો અને ખેડૂતોએ ભારે સૂત્રોચ્ચાર કર્યા બાદ મામલતદારને આવેદનપત્ર આપી રજૂઆત કરી હતી. કોંગ્રેસ દ્વારા પાદરા તાલુકાને દુષ્કાળગ્રસ્ત જાહેર કરવા ઉપરાંત ખેડૂતોને આર્થિક પાક સહાય આપવી, ખેડૂતોને 16 કલાક વીજ પુરવઠો આપવો તથા નર્મદા નહેરમાં તાત્કાલિક પાણી છોડવામાં આવે તેવી મુખ્ય માંગણીઓ કરવામાં આવી હતી.

---

## બોડેલીમાં દારૂની હેરાફેરીનો પર્દાફાશ, બે આરોપી ઝડપાયા

**બ્રેઝા** કારમાંથી ૧,૫૨૦ બોટલ વિદેશી દારૂ મળી આવ્યો, રૂ.૮.૪૫ લાખનો મુદ્દામાલ જપ્ત

(પ્રતિનિધિ) બોડેલી, તા. 10
બોડેલી પોલીસ સ્ટેશન વિસ્તારમાં પ્રોહિબિશનના ગુનાઓ શોધી કાઢવા માટે પોલીસ દ્વારા સઘન પેટ્રોલિંગ હાથ ધરવામાં આવી રહ્યું છે. તે દરમિયાન બોડેલી પોલીસે બાતમીના આધારે ભારતીય બનાવટનો વિદેશી દારૂ ભરેલી બ્રેઝા કાર ઝડપી પાડી કુલ રૂ.8,45,936નો મુદ્દામાલ કબજે કરી બે આરોપીઓને ઝડપી પાડ્યા હતા.

બોડેલી પોલીસ ઈન્સ્પેક્ટર પી.એસ. બરંડાના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્ટાફના પોલીસ સબ-ઈન્સ્પેક્ટર કે.એમ. રાઠોડ



સહિતનો સ્ટાફ બોડેલી પોલીસ સ્ટેશન વિસ્તારમાં પ્રોહિબિશન પેટ્રોલિંગમાં હતો. તે દરમિયાન પોલીસ ઈન્સ્પેક્ટર પી.એસ. બરંડાને બાતમી મળી હતી કે, રજીસ્ટ્રેશન નંબર વગરની સિલ્વર કલરની બ્રેઝા કારમાં ભારતીય બનાવટનો વિદેશી દારૂ ભરી ખાટીયાવાંટ તરફથી બોડેલી તરફ આવી રહી છે અને ત્યાંથી વાઘોડિયા તરફ જવાની છે.

બાતમીના આધારે પોલીસ ટીમે ઝાંખરપુરા નર્મદા મેઈન કેનાલ પાસે વોચ ગોઠવી હતી. બાતમીવાળી બ્રેઝા કાર આવતા પોલીસે વાહનોની આડાશ કરી કારને રોકવાનો ઈશારો કરી તેને કોર્ડન કરી ઉભી રાખી હતી.

## શિનોર પંચાયતના જૂના ટ્રેક્ટરની હરાજી રૂ.૭૯ હજારમાં પૂર્ણ કરાઇ

**રૂ.૪૦** હજારની અપસેટ વેલ્યુ સામે રૂ.૭૯ હજારની બોલી

(પ્રતિનિધિ) શિનોર, તા. 10
શિનોર ગ્રામ પંચાયત દ્વારા આજ રોજ જુના કન્ડમ થયેલ ટ્રેક્ટર ની જાહેર હરાજી ઉપ સરપંચ નાં અધ્યક્ષ સ્થાને યોજાઈ જેમાં 8 ઈસમોએ ભાગ લીધો હતો. હરજીમાં અપસેટ વેલ્યુ કરતા ડબલ જેટલી રકમ આવતા ગ્રામ પંચાયત નાં ચોખા વહીવટ છાપ જોવા મળી હતી.

શિનોર ગ્રામ પંચાયત નુ જુનુ કન્ડમ થઈ ગયેલ ટ્રેક્ટર ની તાલુકા વિકાસ અધિકારી ની મંજૂરી લઇ પેપર મા જાહેર હરાજી ની જાહેરાત તેમજ ગામમાં માઈક દ્વારા જાહેરાત કરવામાં આવી હતી. આજ રોજ તા. 10/9/2026



ને ગુરૂવાર બપોરે 3 કલાકે ગ્રામ પંચાંયતનાં હોલ મા ઉપસરપંચ નીતિનભાઈ ખત્રી ની અધ્યક્ષતા મા જાહેર હરાજી યોજાઈ હતી.

હરાજી મા ભાગ લેનાર 8 ઈસમો એ 10000/- ડિપોઝીટ ભરી ભાગ લીધો હતો. ટ્રેક્ટર ની અપસેટ વેલ્યુ 40,000/- નકી થઈ હતી. હરાજી પહેલા તલાટી કમ મંત્રી રાજીબેન દ્વારા તમામ શરતો વાંચી સભળાવેલ તે તમામ ભાગ લેનારા ઈસમો એ મંજુર રાખી હતી. ત્યારબાદ હરાજી ની બોલી ચાલુ કરવામાં આવી હતી. જેમાં વડોદરા નાં ભાગ્યેશભાઈ રમેશભાઈ પટેલે સૌથી વધુ 79000/- હજાર બોલી હતી.

## સંખેડા પોલીસ સ્ટેશનમાંથી આરોપી ફરાર, પોલીસમાં દોડધામ

**ફિંગરપ્રિન્ટ** લેવા લઈ જતાં પાણી પીવાના બહાને પોલીસની નજર ચૂકવી ભાગ્યો

(પ્રતિનિધિ) સંખેડા, તા. 10
સંખેડા પોલીસ સ્ટેશનમાંથી એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. મારામારી અને ધમકીના ગુનામાં પકડાયેલા ત્રણ આરોપીઓમાંથી એક આરોપી પોલીસ કસ્ટડીમાંથી ફરાર થઈ જતા પોલીસ તંત્રમાં દોડધામ મચી ગઈ છે.

આ ગુનામાં પોલીસે ત્રણ આરોપીઓની અટકાયત કરી હતીઃ 1. ધર્મેશભાઈ હમીરભાઈ નાયકા (ઉ.વ. 45) રહે. મોરડ, તા. સંખેડા 2. અનિલભાઈ ગોકળભાઈ બારીયા (ઉ.વ. 45) રહે. ધોળી, વાવવાળું ફળિયું, તા. સંખેડા 3. રાકેશભાઈ પ્રવિણભાઈ તડવી (ઉ.વ. 25) રહે.



હાંસાપુરા નવીનગરી, તા. સંખેડા પોલીસના જણાવ્યા મુજબ, ત્રણેય આરોપીઓને વધુ પૂછપરછ માટે રિમાન્ડની માંગણી સાથે કલાક 17/35 વાગે ઈન્ચાર્જ ચીફ જ્યુડિ. મેજી. સાહેબશ્રી બોડેલી કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. કોર્ટે રિમાન્ડ નામંજૂર કરી ત્રણેયના સબ જેલ છોટાઉદેપુરના જેલ વોરંટ ભર્યા હતા. પરંતુ આરોપીઓની ઓફલાઈન ફિંગરપ્રિન્ટ લેવાની બાકી હોવાથી કોર્ટે ફિંગરપ્રિન્ટ લઈને જેલમાં મોકલવા મૌખિક સૂચના આપી હતી અને કબજો તથા વોરંટ સંખેડા પોલીસને સોંપ્યા હતા.

---

## ધનતેજ દૂધ મંડળીમાં ‘૪ લિટર દૂધ સામે ૨૨ લિટર’ની એન્ટ્રીનો આક્ષેપ

(પ્રતિનિધિ) સાવલી, તા. 10
સાવલી તાલુકાના ધનતેજ ગામની દૂધ મંડળીમાં ચાર લીટર દૂધ ભરીને 12 થી 22 લિટર દૂધ બતાવીને ગામ ની સહકારી મંડળી સાથે છેતરપિંડી કર્યાનો આક્ષેપ કરતો દૂધ મંડળીના મંત્રીએ સોશિયલ મીડિયામાં વિડીયો વાયરલ કરતા ભારે ચકચાર મચી જવા પામી છે.

સાવલીના ધનતેજ દૂધ મંડળીમાં ગેરરીતિ અને ભ્રષ્ટાચાર આચરાતો હોવાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં સહકારી આલમમાં ચકચાર મચી છે. દૂધ મંડળીના મંત્રી ઘનશ્યામસિંહ પરમારે જાતે જ વીડિયો બનાવી ને પોતાના અવાજમાં સમગ્ર કૌભાંડ ને ઉજાગર કરતો વિડિઓ વાયરલ કર્યો છે અને ખોટી રીતે બનેલી દૂધ ભર્યાની પાવતી શેર કરી ખુલાસો કર્યો છે કે ડેરીમાં માત્ર 4 લિટર દૂધ ભરાયું હોવા છતાં ચોપડે સીધું 22 લિટર દૂધ દર્શાવી કૌભાંડ આચરવામાં આવ્યું હતુ. મંડળીના પ્રમુખ અને કમિટી સભ્યો ની સંડોવણી હોવાના આરોપો લગાવ્યા છે સમગ્ર મામલે નિષ્પક્ષ તપાસની માંગ ઉઠી છે પોતાના વાઈરલ કરેલ વીડિયોમાં પોતે આમાં કંઈ લેવાનું નહીં અને ખોટું બદનામ થવાનું તેના પગલે તેઓએ આ વિડીયો વાયરલ કરીને તપાસની માંગ કરી છે સાથે સાથે ડેરીના ગ્રાહકોને ભેટ સ્વરૂપે આપવામાં આવેલ વાસણો ની ખરીદી માં પણ ભ્રષ્ટાચાર થયો હોવાનો આક્ષેપ લગાવ્યો છે તેના પગલે ડેરીને થતા નફામાં પણ ભારે નુકસાન થયું હોવાનો આક્ષેપ લગાવ્યો છે આમ સાવલીમાં દૂધિયું રાજકારણ ફરી એકવાર ગરમાયું છે.

## ડભોઈ નગર પાલિકા ધ્વારા પર્યુષણ પર્વ ને લઈ નોનવેજની દુકાનો બંધ રાખવા નોટિસ

(પ્રતિનિધિ) ડભોઈ, તા. 10
ડભોઈ નગર પાલિકા ના ચીફ ઑફિસર ધ્વારા તા - 08/09/2026 થી તા - 15/09/2026 સુધી પર્યુષણ પર્વ હોવાથી નગર માં મટન મચ્છી નો ધંધો કરતા વેપારીઓ ને દુકાનો બંધ રાખવા નોટિસો ફટકારાઈ છે.ત્યારે હવે આગામી સમય માં પર્યુષણ પર્વ ની પૂર્ણાહુતિ સુધી નોનવેજ ની દુકાનો બંધ રહેશે.


ડભોઈ નગર પાલિકા ના ચીફ ઑફિસર શાહ ધ્વારા આગામી એક સપ્તાહ સુધી જૈન સમાજ ધ્વારા પર્યુષણ પર્વ ની ઉજવણી થતી હોવાથી જીવ દયા નું પાલન કરવા મચ્છી મટન ની દુકાનો સદંતર બંધ રાખવા નોટિસો અપાઈ છે. ડભોઈ નગર પાલિકા ધ્વારા નગર માં મચ્છી મટન તેમજ નોનવેજ નું વેચાણ કરતા 22 વેપારીઓ ને નોટિસ ફટકારી છે.

## ભાટપુર ગેટ પાસે SMCની મોટી કાર્યવાહી, દારૂ ભરેલી ઈનોવા ઝડપાઈ

**૧,૮૨૪ બિયર** ટીન સાથે ચાલક પકડાયો, ક્વાંટથી ડભોઈ દારૂ પહોંચાડવાનો હતો

(પ્રતિનિધિ) સંખેડા, તા. 10
છોટાઉદેપુર જિલ્લામાં સ્ટેટ મોનિટરિંગ સેલ ગાંધીનગર ની ટીમે પેટ્રોલિંગ દરમિયાન બાતમી આધારે મોટી કાર્યવાહી કરી છે. સંખેડા તાલુકાના ભાટપુર ગામના ગેટ પાસે વિદેશી દારૂ ભરેલી ઈનોવા ગાડી ઝડપી પાડવામાં આવી છે.

SMCની ટીમ છોટાઉદેપુર જિલ્લામાં પેટ્રોલિંગમાં હતી ત્યારે ખાનગી બાતમીદારથી બાતમી મળી હતી કે કવાંટ તરફથી ઈનોવા ગાડી નં. GJ 16 FB 3140 માં ભારતીય બનાવટના વિદેશી દારૂનો જથ્થો ભરીને



ચોરીછૂપીથી ભાટપુર થઈ ડભોઈ તરફ લઈ જવાઈ રહ્યો છે.

ઉચ્ચ અધિકારીને જાણ કરતાં રેડનું આયોજન કરવામાં આવ્યું હતું. બે પંચો સમીરભાઈ ભરવાડ (વડોદરા) અને દિગ્વિજયસિંહ ભુપેન્દ્રસિંહ ચાવડા (અમદાવાદ) ને સાથે રાખી રાત્રિના સમયે ભાટપુર ગેટ પાસે વોચ ગોઠવવામાં આવી હતી. બાતમી વાળી ગાડી આવતા જ તેને રોકવાનો ઈશારો કરી ઉભી રખાવી હતી. ગાડીમાં સવાર ચાલકને પંચો રૂબરૂ નામ પૂછતાં તેણે પોતાનું નામ મહેન્દ્રભાઈ જયંતીભાઈ પરમાર, રહે. અંભેટા પારડી, વણકરવાસ હોવાનું જણાવ્યું હતું.

## વડોદરા જિલ્લાના બાગાયતદાર ખેડૂતો માટે i-Khedut પોર્ટલ ખુલ્લું મુકાયું

**વડોદરા** : વડોદરા જિલ્લામાં બાગાયત વિભાગ દ્વારા વર્ષ ૨૦૨૬-૨૭ દરમિયાન અમલીકૃત થનારી વિવિધ સહાયલક્ષી યોજનાઓનો લાભ બાગાયતદાર ખેડૂતોને મળી રહે તે હેતુથી i-Khedut પોર્ટલ 2.0 તા. ૦૩/૦૯/૨૦૨૬ થી તા. ૧૭/૦૯/૨૦૨૬ સુધી ખુલ્લું મુકવામાં આવ્યું છે. આ યોજનાઓમાં (૧) બહુસ્તરીય પદ્ધતિથી ફળ પાકોનો વાવેતર વિસ્તાર વધારવાનો કાર્યક્રમ અને (૨) ફળ પાકોમાં ફિલ્ડ કવર થકી ગુણવત્તાયુક્ત ઉત્પાદન મેળવવાનો કાર્યક્રમનો સમાવેશ થાય છે. અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ તેમજ સામાન્ય કેટેગરીના બાગાયતદાર ખેડૂતોએ ઉપરોક્ત યોજનાઓ હેઠળ લાભ મેળવવા માટે નજીકના ઈ-ગ્રામ સેન્ટર અથવા ખાનગી ઈન્ટરનેટના માધ્યમથી સમયસર ઓનલાઈન અરજી કરવાની રહેશે.